## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અહીયાં મહેનત કરવાનું રહેવા દો - વોટર પાર્કમાં જઈએ ત્યાં પાણી મળશે અને ફરવા પણ...

# લાકરોડા જયદાદા સ્પોર્ટસ કલબમાંથી જુગારધામ ઝડપાયું

## એલસીબી પોલીસે ૧૨ શકુનીઓને રૂ. ૫,૩૬,૪૭૦ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લાકરોડા ગામની સીમમાં આવેલ જય દાદા સ્પોર્ટસ કલબમાંથી જુગાર રમતા ૧૨ શકુનીઓ એલસીબી પોલીસના હાથે રંગેહાથ ઝડપાઈ ગયા છે. લીસ્ટેડ બુટલેગરની સ્પોર્ટસ કલબમાંથી પોલીસે રૂ. ૫.૩૬ લાખના મુદામાલ સાથે શકુનીઓને પકડી પાડ્યા છે. જયારે કલબનો માલિક ફરાર થઈ ગયો છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ નીરજ પટેલની ટીમના કોન્સ્ટેબલ અનોપસિંહને બાતમી મળી હતી કે માણસાના લાકરોડા ગામની સીમમાં આવેલી જયદાદા સ્પોર્ટસ કલબનું સંચાલન કરતો જયદિપસિંહ પૃથ્વીસિંહ ચાવડા તેમજ કલબના માલિક કાળુસિંહ પ્રતાપસિંહ રાઠોડ સ્પોર્ટસ કલબના ઓથા હેઠળ જુગાર રમાય છે. જેને પગલે પોલીસે રેઈડ કરતા ૧૨ શકુનીઓ જુગાર રમતા રંગેહાથ પકડાયા હતા.જેમાં રાજુસિંહ પ્રવિણસિંહ ચાવડા, રહે.હાલ લોદ્રા, ઘી-કાંટા વિસ્તાર, રામજી મંદિર પાસે માણસા,મુળ રહે. અંબોડ ડેરી પાસે, તા.માણસા, અજયકુમાર કાંતિભાઈ રાવળ રહે.ચક્કર વિસ્તાર, ડોસીવાળો વિજાપુર, જી.મહેસાણા, મહેન્દ્રસિંહ અમરસિંહ સોલંકી રહે.લોદ્રા ઘી-કાંટા વિસ્તાર તા.માણસા જી. ગાંધીનગર, વિષ્ણુ હરીભાઈ પટેલ રહે.લોદ્રા, અંબિકાનગર, લાલાભાઈ પુંજીરામ પટેલ, રહે.સજ્જનપુરા, પાંજરાપુર ચોક માણસા, જી.ગાંધીનગર, મહેશકુમાર સોનાજી મકવાણા રહે.લોદ્રા જયદિપસિંહ પૃથ્વીસિંહ ચાવડા રહે. લાકરોડા કનુભાનો માઢ, તા.માણસા જી.ગાંધીનગર, રાકેશ કાળુભાઈ સિંધી રહે મકાન નં.૧૫-એ અલકાપુરી સોસાયટી માણસા, અરૂણભાઈ હરગોવનદાસ પટેલ રહે.નવી પોસ્ટ ઓફિસની બાજુમાં માણસા, રાજુજી બળદેવજી ઠાકોર રહે.વીંગુના બાળમંદિર પાસે માણસા, રવિ ઉર્ફે રઘો દિલિપભાઈ મોચી રહે.વિજય ટાવર વાવ દરવાજા માણસા, સંજય નરેન્દ્ર નાયક રહે. સુથારવાડો જૈન દેરાસરની બાજુમાં વિજાપુર નો સમાવેશ થાય છે. પોલીસે ઘટના સ્થળેથી ગંજીપાના, પ્લાસ્ટીકના કોઈન, રૂ.૪૩,૯૭૦ રોકડા ૧૧ નંગ ફોન, રૂ.૪.૬૫ લાખના વિવિધ પાંચ વાહનો મળી કુલ રૂ. ૫.૩૬,૪૭૦ની કિંમતનો મુદામાલ કબ્જે કર્યો છે. એલબીબીએ ૧૨ શકુનીઓ અને વોન્ટેડ આરોપી કલબના માલિક કાળુસિંહ પ્રતાપસિંહ રાઠોડ રહે. લોદરા માણસા, સામે માણસા પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરાઈ છે.




# રાજ્યવ્યાપી કૃષિ મહોત્સવ આગામી ૧૬-૧૭ જૂને ઉજવાશે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૪

ગુજરાતની કૃષિક્રાંતિની વિશ્વ ઓળખ સમાન કૃષિ મહોત્સવ-૨૦૧૯ની રાજયવ્યાપી શૃંખલા આગામી ૧૬ અને ૧૭ જૂન-૨૦૧૯ના દિવસો દરમ્યાન યોજાશે. આ વર્ષે કૃષિ મહોત્સવ રાજયના ૩૩ જિલ્લામાં તાલુકા દીઠ ૧ સ્થળે યોજવાના આયોજનને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતીમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

કૃષિ મહોત્સવ-૨૦૧૯ તહેત આધુનિક કૃષિ તાંત્રિકતાઓ, જળ સંચય અને જળ સિંચન થકી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ, કૃષિ યાંત્રિકીકરણ થકી ઓછા ખર્ચે સમયસરના ખેતી કાર્યો, સંકલિત પોષણ વ્યવસ્થા થકી જમીનની તંદુરસ્તીની જાળવણી, કૃષિ અને બાગાયતી પાકોની ઉત્પાદકતા વધારી તેનું મુલ્યવર્ધન, સંકલિત રોગ અને જીવાત નિયંત્રણ, આદર્શ પશુપાલન, સરકારની વિવિધ સહાયકારી યોજનાઓ અંગેનું માર્ગદર્શન, ખેતી ખર્ચમાં ઘટાડાની સાથે ઉત્પાદનમાં વધારો, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધી યોજના (પીએમ-કિસાન) જેવા વિષયોને આવરી લેવાયા છે.

દરેક જિલ્લાના તાલુકા દિઠ ૧ કૃષિ મહોત્સવના આ આયોજનને સફળતાપૂર્વક પાર પાડવાના હેતુથી સંબંધિત જિલ્લાના કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને ૧૦ સભ્યોની અમલીકરણ સમિતીને જવાબદારી સોંપવામાં આવશે. જે તે જિલ્લાના ડી.ડી.ઓ. આ સમિતિના સહ અધ્યક્ષ રહેશે. તેમ પણ આ બેઠકમાં નિર્ધારીત થયુ હતું.

# ટાટ પાસ ઉમેદવારોએ ભરતી માટે શિક્ષણ કમિશનરને આવેદનપત્ર પાઠવ્યું

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના જુના સચિવાલય ખાતે આવેલી શિક્ષણ કમિશનરની કચેરી ખાતે મંગળવારના રોજ સવારે રાજયભરમાંથી ટાટ પાસે ઉમેદવારો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ગુજરાત ટાટ પાસ ઉમેદવાર સમિતિના નેજા હેઠળ ઉમેદવારોએ રાજયમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઝડપી ભરતી પ્રક્રિયા કરવામાં આવે તેમજ રાજય સરકાર દ્વારા ટાટ પાસ ઉમેદવારો માટે ભરતીની મોટી જાહેરાત કરવામાં આવે તે માટે આજે રાજયના શિક્ષણ કમિશનરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.

ગુજરાત રાજયની સરકારી અને અર્ધસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં છેલ્લા ઘણા સમયથી શિક્ષકોની ઘટ વર્તાઈ રહી છે. શિક્ષકોની ઘટને પગલે વિદ્યાર્થીઓના અભ્યાસ પર માઠી અસર પહોંચે છે. ત્યારે રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ઝડપી મોટી જાહેરાત કરીને ટાટ પાસે ઉમેદવારોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી ટાટ પાસ ઉમેદવારોની માંગણી અને લાગણી છે. જો ટાટ પાસ ઉમેદવારોની માંગણીને સત્વરે તંત્ર દ્વારા નહીં ઉકેલવામાં આવે તો આગામી સમયમાં ટાટ પાસે ઉમેદવારો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી ચિમકી ઉમેદવારોએ ઉચ્ચારી છે.

ઉંચુ મેરીટ ધરાવતા ઉમેદવારો શિક્ષક બનવા માટે ની લાયકાત ધરાવે છે પરંતુ ક્રમ મુજબ અને મોટી ભરતી ન થવાથી નોકરીથી વંચિત રહી જાય છે. રાજયમાં ધો-૯ થી ૧૨ માં શિક્ષકોની મોટી ઘટ છે શિક્ષકોની ઘટથી સરકારી અને બિન સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત રહી જાય છે. તો બીજીતરફ પ્રવાસી શિક્ષકોની ભરતીથી શાળામાં શિક્ષણનું સ્તર કથળતુ જાય છે. તો તેના સ્થાને યોગ્ય લાયક ઉમેદવારોની ભરતી કરવામાં આવે. રાજયમાં માધ્યમિક બિન સરકારી શાળામાં ૨૯૧૫ અને ઉચ્ચતર માધ્મિક બિન સરકારી શાળામાં ૨૩૬૯ ની જાહેરાત કરાઈ હતી પરંતુ તેની અમલવારી કરાઈ નથી. ત્યારે સરકાર દ્વારા ટાટ પાસ ઉમેદવારોની ભરતી માટે મોટી જાહેરાત કરવામાં આવે તેવી ઉમેદવારોની લાગણી અને માંગણી છે.



# આગામી ૧૩-૧૪ જૂને ગ્રામીણ ક્ષેત્રમાં, જ્યારે ૧૫ જૂને શહેરી ક્ષેત્રમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ શાળા પ્રવેશોત્સવને રાજ્ય સરકારના બધા જ વિભાગો-સમગ્ર ગુજરાતનો મહત્વપૂર્ણ કાર્યક્રમ ગણાવતાં જણાવ્યું છે કે, ગુજરાતે હવે સમગ્ર વિશ્વ સાથે હરિફાઈ સ્પર્ધા કરવાની ક્ષમતા-સ્ટેજ કેળવ્યા છે ત્યારે ભાવિ પેઢીને શિક્ષણ-ગુણવત્તાયુકત શિક્ષણથી સજ્જ કરવા આ પ્રવેશોત્સવથી ફોકસ કરવું છે.

વિકાસના પાયામાં રહેલા પ્રાથમિક શિક્ષણને સુદ્રઢ અને ગુણવત્તાયુકત બનાવવાનો આ સેવાયજ્ઞ આધુનિક શિક્ષણ સુવિધા, વર્ચ્યુઅલ કલાસરૂમ, ટેકનોલોજીના ઉપયોગથી રિયલ ટાઈમ મોનિટરીંગ સુધી વિસ્તારીને કવોલિટીટીવ ચેઈન્જ અને પ્રત્યેક બાળકના જીવન ધોરણમાં બદલાવના સ્તરે આપણે લાવ્યા છીએ.

મુખ્યમંત્રીએ શિક્ષણને પ્રાયોરિટી - પ્રાથમિકતા આપીને તક્ષશીલા - નાલંદા જેવી પ્રાચીન જ્ઞાન વિદ્યાપીઠ સમકક્ષ બનાવવાની સ્થિતી તેમજ સરકારી શાળાઓમાં પ્રવેશ માટે લોકોને આકર્ષણ થાય તેવી સ્થિતી નિર્માણ કરવા પ્રેરણા આપી હતી.

તેમણે શાળા પ્રવેશોત્સવથી ડ્રોપ આઉટ રેઈટ શૂન્યે પહોચાડયા બાદ ૧૦૦ ટકા એનરોલમેન્ટથી સૌના સાથ સૌના વિકાસ સાથે હવે સૌના વિશ્વાસને પણ બર લાવવા અનુરોધ કર્યો હતો.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે શાળા પ્રવેશોત્સવના પ્રારંભિક તબક્કાઓમાં ૧૦૦ ટકા નામાંકન અને ડ્રોપઆઉટ રેશિયામાં નોંધપાત્ર ઘટાડો કરવા થયેલા પ્રયાસોને આજે સફળતા મળી છે ત્યારે હવે શાળા પ્રવેશોત્સવ બાદ બાળકોના ગુણાત્મક શિક્ષણ પર રાજ્ય સરકારે ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. તેમણે જણાવ્યું હતું કે મિશન વિદ્યા અને ધોરણ-૨ માં નિદાન કસોટીના પરિણામો પણ સારા આવ્યા છે. તે પરિણામ હજી પણ વધુ સારા આવે તે દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે.



# રમજાન-ઈદના પર્વ નિમિત્તે મુખ્યમંત્રીની શુભકામના

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયના મુસ્લીમ સમાજના સૌ નાગરિક ભાઈ-બહેનોને આવતીકાલ, બુધવાર તા. ૫ મી જૂનના ઉજવાનારા પવિત્ર ઈદ-ઉલ-ફિત્રની હાર્દિક શુભકામના પાઠવી છે.

મુખ્યમંત્રીએ રમઝાન ઈદની શુભેચ્છાઓમાં જણાવ્યું છે કે, ઈદનો આ તહેવાર સમાજજીવનમાં સમત્વ, બંધુત્વ અને સામાજિક સમરસતા સાથે સદભાવને વધુ મજબુત બનાવશે તથા સૌના જીવનમાં સુખ-સમૃધ્ધિની વૃધ્ધિ કરશે.

